**આંક –42 લગત હુકમ–**

(૧) આ કામે હાલના આરોપી નં.૧ નાસીર રહીમભાઈ મેતરના વિ.વ.શ્રીએ હાલની અરજી રજુ કરી નામ. સુપ્રિમ કોર્ટના હુકમ અન્વયે જામીન સ્વીકારવા અરજ કરેલ છે. તથા નામદાર સુપ્રિમ કોર્ટના સ્પેશીયલ લીવ ટુ અપીલ (ક્રિમીનલ) નં.5183/2024 ની નકલ રજુ કરેલ છે.

(૨) આ કામે જીલ્લા જેલ, જુનાગઢ દ્રારા જાવક અંક : ચુટી/૧૬૭૩/૨૦૨૪, તા.૧૨–૦૭–૨૦૨૪ ના રોજ ઇ–મેઇલ થી અરજી મોકલી આપેલ છે. અને તેમાં નામ.સુપ્રિમ કોર્ટના ક્રિમીનલ અપીલ સંદર્ભેનો હુકમ નામ.કોર્ટ તરફથી મોકલવામાં આવેલ છે અને તે નામ.સુપ્રિમ કોર્ટના હુકમ મુજબ આરોપીને અત્રેની કોર્ટમા રજુ કરવાના હોય જેથી તેઓને વિડીયો કોન્સફરસથી હાજર રાખવા વિનંતી કરેલી છે અને નામ.સુપ્રિમ કોર્ટના રીટની નકલ સામેલ રાખેલ છે.

(૩) ઉપરોકત મુજબની બંને પક્ષકારોની રજુઆત જોતા નામ.સુપ્રિમ કોર્ટ દ્રારા સદર કામના આરોપીએ કરેલ નામ.સુપ્રિમ કોર્ટમાં એસ.એલ.પી. (ક્રિમીનલ) નં.5183/2024 ની માનપુર્વક વંચાણે લેતા તેમાં થયેલ હુકમ મુજબ તથા જેલ ઓથોરીટી, જુનાગઢનાની વિનંતી મુજબ તેઓ આરોપીને વિડીયો કોન્ફરન્સ માધ્યમથી હાજર રાખવામાં આવેલા છે. તેમજ સદર કામે વિ.એપીપીશ્રી તથા તેના વિ.વ.શ્રીના લેખીત શેરા લેવામાં આવે છે.

(૪) વધુમાં, નામ.સુપ્રિમ કોર્ટના ડાયરેકશન મુજબ હાલના કામના આરોપી રૂા.૫૦,૦૦૦/– (અંકે રૂપીયા પચાસ હજાર પુરા) ના જાત મુચરકો તથા તેટલી જ રકમના જામીન રજુ કર્યથી નીચેની શરતોને આધીન આરોપી નાસીર રહીમભાઈ મેતર નાઓના જામીન સ્વીકારવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો–</u>**

**૧.** આરોપીએ આજ કે, આવા કોઈ પણ પ્રકારના ગુન્હામાં પોતાની જાતની સંડોવણી થાય તેવું કૃત્ય કરવુ/કરાવવું નહી.

**૨.** આરોપીએ ફરિયાદ પક્ષના કોઇ પણ સાહેદોને લોભ, લાલચ, પ્રલોભન, ધાક–ધમકી આપી ફોડવાના પ્રયત્નો કરવા નહી કે, કેસને નુકસાન થાય તેવી પ્રવૃતિ કરવી/કરાવવી નહી.

**૩.** આરોપીએ પોતે જયાં રહેતાં હોય તે રહેણાંકનું હંગામી તથા કાયમી વિગતવારનું સરનામું પોતાના સાચા મોબાઇલ નંબર સહિત ત. ક. અમલદારશ્રી તથા સંબંધિત વિ. ટ્રાયલ કોર્ટમાં આધાર પુરાવા સહિત દિન–૩ માં રજુ કરવું.

**૪.** આરોપીએ માટે જામીન થનાર વ્યક્તિ બીજા કોઇ કેસમાં કે, કોઇ પણ કોર્ટમાં કોઇના પણ જામીન થયેલા હોવા જોઇએ નહિ અને તે બાબતેનું સોગદનામુ કરવુ જામીનદારે તેમના વિ.વ.શ્રીની મારફતે રજુ કરવુ.

**૫.** આરોપીએ સંબંધિત વિ. કોર્ટની પૂર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

**૬.** આરોપીએ ટ્રાયલમાં સાથ સહકાર આપવો.

ઉપરોક્ત શરતો પૈકી કોઇ પણ શરતનો ભંગ થયેથી આરોપી સામે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

ઉપરોકત હુકમની જાણ કરતી યાદી સબંધિત જિલ્લા જેલ, જુનાગઢ નાને હુકમની અમલવારી માટે મોકલવી.

આ હુકમ આજ તા.૧૨ મી, માહે–જુલાઇ, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

Place: Visavadar.

(Jayeshkumar Laxmanbhai Shrimali)
3rd Addl. Sessions Judge, Visavadar.
(UID No.GJ00672)